જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૮/૧૨/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૯૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી ૩૪૭ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૫૫૦૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૯૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૯૯૩/૧૪**

**જીઆઇડીસી વટવાઃ** પ્રવીણસિંહ સુરેન્દ્રસિંહ જદોન (ઉ.વ.૩૨) (રહે. સરીતાપાર્ક સોસાયટી જાનીયાપીરના ટેકરા સામે વટવા) એ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૭/૧૨/૧૪ રાતના ૮/૦૦ થી આજરોજ તા.૮/૧૨/૧૪ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાનમાં જીઆઇડીસી વટ્વા ફેઝ ૧ પ્લોટનં સી/૮૯/૧ ઇનો કેમીકલ ઇન્ડ્સ્ટ્રીઝમા સિક્યોરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા સંતોષસિંહ હરદેવસિંહ ભદોરીયા (ઉ.વ.૩૮) (રહે. મુળ ગામ ધનીકપુરા તા વિધુના જી ઓરૈયા યુ.પી)ને અજાણ્યા ઇસમોએ ચોરી કરવાના ઈરાદે જીવલેણ હુમલો કરતા તેનો પ્રતીકાર કરતા ચોર ઇસમોએ સંતોષસિંહના ગળાના ભાગે વાયરો વીટાળી દઇ ગળે ટુપો આપી ખુન કરી નાસી ગયા છે. આ અંગેની આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઝેડ.એ.શેખ ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૯૯૪/૧૪**

**નરોડાઃ (૧)** જીગીશાબહેન મહેશભાઈ વાળંદ (ઉ.વ.૧૭)(રહે.મહાદેવ ફળીયુ સૈજપુર ગામ નરોડા) ને તા.૩૦/૧૧/૧૪ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી વિપુલભાઈ બાબુભાઈ વળંદ (રહે.ગામ ગોડાલીમ્મડ તા.પારડી જી. સુરેન્દ્રનગર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફ્રોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ જીગીશાબહેનની માતા નિરૂબહેને તા.૭/૧૨/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી પી પીરોજીયા ચલાવે છે.

**(૨)** નિસ્મા ઉર્ફે નેહાબહેન રતનબહાદુર ખત્રી (ઉ.વ.૧૪)(રહે.દેવડાઈ કેમીકલ્સ કંપની લાયન્સ કલબ સ્કૂલ પાછળ નરોડા જીઆઈડીસી) ને તા.૫/૧૨/૧૪ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી કરણસિંગ મંગલસિંગ આરા (રહે.ગામ રમગાર વાટ નં-૬ તા.રામશાહ જી.સરખેલ) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ નિસ્માબહેનની માતા અનિતાબહેને તા.૭/૧૨/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી પી પીરોજીયા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૯૯૫/૧૪</u>**

**ઘાટલોડીયાઃ** ભરતભાઈ ગોવિંદભાઈ કાજીવાલા (રહે.ઓક્ષફર્ડ ટાવર જનતા આઈસ્ક્રીમના ખાચાંમાં ગુરૂકુળ રોડ) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૨/૧૪ રાતના ૯/૩૦ થી તા.૭/૧૨/૧૪ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પારસનગર વિભાગ-૩ ખાતે આવેલ ભરતકુમાર એન્ડ કંપની નામની પોતાની દુકાનના શટરના નકુચા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી સિગારેટના પેકેટ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ જી ગોહિલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૯૯૬/૧૪</u>**

ઈસનપુરઃ કુલવંતસિંહ સુંદરસિંહ વ્રધવા (રહે.સાઇનાથ રોહાઉસ મંગલેશ્વર મહાદેવ પાસે ઘોડાસર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. તા.૭/૧૦/૧૪ ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે તીજોરીની ચાવી બનાવવા માટે આવેલ બે સરદારજી જેવા પુરૂષ તીજોરીના ડોવરનુ લોક ખોલી ડોવર માથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૨૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.વી.રાણા *ચલાવે છે.*

**ઓઢવઃ** જીતેન્દ્રભાઈ રમેશભાઈ પટેલ (રહે.અક્ષરધામ રેસીડન્સી ડી-માર્ટની બાજુમાં હરીદર્શન ચોકડી નવા નરોડા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૧૨/૧૪ રાતના ૮/૦૦ થી રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન નિકોલ હરીદર્શન ચાર રસ્તા માતૃવિલેઝ સોસાયટી ચાર રસ્તા નજીક પાર્ક કરેલ પોતાની રીટ્ઝ કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૬,૫૦૦/- સાથેનુ પર્સ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ ઓઢવ પો.સ.ઈ.શ્રી કે એસ ચાવડા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૯૯૭/૧૪</u>**

**ઓઢવઃ** મંજુલાબહેન પ્રકાશરાવ ડીગે (મરાઠી) (ઉ.વ.૩૮)(રહે.સુંદરસિહ ભંડારીનગર ઔડાના મકાન ગુજરાત વેપારી મંડળ પાછળ ઓઢવ) તા.૭/૧૨/૧૪ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ રિંગરોડ સર્કલ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા. ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન બેદરકારીથી ચલાવી મંજુલાબહેનના એક્ટીવાને ટક્કર મારતા મંજુલાબહેનને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડોક્તરશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર મંજુલાબહેનના પતિ પ્રકાશરાવ ડીગે એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એન ખાંટ ચલાવે છે.

**જીઆઈડીસી વટવાઃ** જીઆઈડીસી ફેઝ-૪ એસએસઆરએમ કંપની બહાર છાપરાંમાં રહેતા અને એસએસઆરએમ કંપનીમાં મજુરી કામ કરતા દિનેશભાઈ સંગાભાઈ ભુરીયાએ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧૨/૧૪ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે એસએસઆરએમ કંપનીના માલીક સુનિલભાઈએ બેદરકારીથી કાર રિવર્સ લેતા દિનેશભાઈની પુત્રી લક્ષ્મી (ઉ.વ.૩) ને ટક્કર વાગતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જયાં રાતના ૯/૩૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એન કરંગીયા ચલાવે છે.

<u>**નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવવા બાબતઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૯૯૮/૧૪**</u>

**એલીસબ્રીજઃ** તા.૭/૧૨/૧૪ બપોરના ૧/૧૦ વાગ્યાના સુમારે વા.સા.હોસ્પીટલ પાછળના ભાગે રીવરફ્રંટ ખાતેથી નવજાત શિશુ મૃત હાલતમાં એલીસબ્રીજ પોલીસને મળી આવ્યુ હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એમ જી સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.